## મુદ્દા નં.૩ : <u>દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ</u>

મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો – ૧૯૯૪ ના નિયમ – ૪ મુજબ, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશાનુસાર તેમજ નકકી કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર જે તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાઓની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદારયાદીને આધાર તરીકે લઈને મતદાર નોંધણી અધિકારી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રત્યેક વોર્ડ માટે મતદારયાદીનો મુસદ્દો પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને તેની એક નકલ મ્યુનિકોર્પોરેશન કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં અને નકકી કરેલા બીજા સ્થળોએ સહેલાઈથી દેખાય આવે તેવી રીતે લોકોને જોવા માટે ૨૨ દિવસ સુધી પ્રદર્શિત (પ્રસિધ્ધ) કરવામાં આવે છે. આ પ્રસિધ્ધીની તારીખે કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાત કરવામાં આવે છે.

જે કોઈપણ વ્યકિત કેન્દ્રીય કાયદા હેઠળ વિધાનસભાની મતદારયાદીમાં નોંધણી કરવાને હકકદાર હોય તેવી વ્યકિત "નમુના – ક" મુજબ પોતાનું નામ મતદારયાદીમાં દાખલ કરવા માટે હકક દાવા અરજી દિન – ૨૨ માં કરી શકશે. મતદાર નોંધણી અધિકારી પોતે જરૂરી ગણે તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી મતદારયાદીમાં અરજદારનું નામ ઉમેરશે અને આ રીતે સુધારા – યાદી સહિતની આખરી પ્રસિધ્ધી કરવામાં આવે છે અને આ પ્રસિધ્ધી અંગેની જાહેરાત કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં આપવામાં આવે છે.

મતદાર નોંધણી અધિકારી દ્વારા મતદારયાદી પ્રસિધ્ધીનો અહેવાલ, મતદારયાદીની નકલ સહિત રાજય ચૂંટણી પંચને મોકલવામાં આવે છે.